Saturday
31.12.2022
*Volume :7 * Issue No.151
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્


ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# હીરાબાનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન

## PM મોદીના માતા હીરાબાનું ૧૦૦ વર્ષની વયે નિધન






**દુનિયાભરમાં કોઈ પણ દેશ કે વિસ્તારમાં બાળકો તેમની માતા પ્રત્યે વિશેષ લાગણી ધરાવે છે. માતા તેના બાળકને જન્મ આપવાની સાથે તેમની પ્રથમ ગુરુ પણ છે.**



કમલમ્ ન્યુઝ, નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની માતા હીરા બાના નિધન પર દેશ-વિદેશના લોકો શોક વ્યક્ત કરી રહ્યા છે. પાકિસ્તાનના પીએમ શાહબાઝ શરીફે પણ હીરા બાના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. શરીફે ટ્વીટ કરીને કહ્યું, 'માતાને ગુમાવવાથી મોટું કોઈ દુઃખ નથી. પીએમ નરેન્દ્ર મોદીજીના માતાના નિધન પર હું શોક વ્યક્ત કરું છું. પહેલા નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલ પ્રચંડે પણ પીએમ મોદીના માતાના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે હીરા બાના નિધનના સમાચાર સાંભળીને તેમને ખૂબ જ દુઃખ થયું છે. દુઃખની આ ઘડીમાં તેઓ પીએમ મોદી અને તેમના પરિવારના સભ્યો પ્રત્યે સંવેદના વ્યક્ત કરે છે. પીએમ મોદીની માતા હીરા બાને મંગળવારે અચાનક શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી. આ સિવાય તેમને કફની ફરિયાદ પણ હતી. આ પછી, તેમને તાત્કાલિક અમદાવાદની યુએન મહેતા હોસ્પિટલના કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા હતા. ડોકટરોએ તેમની માતાનું એમઆરઆઈ અને સીટી સ્કેન કર્યુ હતું. ગુરુવારે, હોસ્પિટલ દ્વારા એક નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું કે તેમની તબિયતમાં સુધારો થઈ રહ્યો છે. પરંતુ શુક્રવારે સવારે ૩.૩૦ કલાકે તેમનું મૃત્યુ થયું હતું. આ પહેલા બુધવારે સાંજે ૪ વાગે પીએમ નરેન્દ્ર મોદી પણ તેમને મળવા હોસ્પિટલ ગયાહતા. અહીંતેઓ લગભગદોઢ કલાક તેમની સાથે રહ્યા હતા. તેમની સ્થિતિ ડૉક્ટરોને જાણવી જરૂરી હતી. આ પછી તેઓ દિલ્હી જવા રવાના થયા. પીએમ પહેલા તેમના ભાઈ સોમાભાઈ ઉપરાંત ગુજરાતના સીએમ ભૂપેન્દ્ર પટેલ અને આરોગ્ય મંત્રી હૃષિકેશ પટેલ હીરા બાની હાલત પૂછવા હોસ્પિટલ પહોંચ્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની માતા હીરા બા જૂનમાં જ ૧૦૦ વર્ષની થઈ હતી. હીરા બાના ૧૦૦મા જન્મદિવસે પીએમ મોદી તેમને મળવા ગાંધીનગર આવ્યા હતા. આ દરમિયાન તેમણે મા હીરા બાના આશીર્વાદ લીધા હતા અને તેમની પૂજા પણ કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ માતાના પગ ધોયા અને શાલ ભેટમાં આપી.




**કોઈ માતાનું તપ એક સારાં મનુષ્યનું સર્જન કરે છે. તેમની લાગણી બાળકમાં માનવીય મૂલ્યો અને સંવેદના જેવા ગુણો કેળવી શકે છે. એક માતા અલગ વ્યક્તિ કે જુદું વ્યક્તિત્વ નથી, માતૃત્વ એક ગુણ છે, એક ખાસિયત છે. ઘણી વાર આપણે સાંભળીએ છીએ કે ઈશ્વરનું સર્જન તેમના ભક્તોની પ્રકૃતિ અનુસાર થાય છે. એ જ રીતે આપણે આપણી માતાઓ અને તેમનું માતૃત્વ આપણી પોતાની પ્રકૃતિ અને માનસિકતા અનુસાર અનુભવીએ છીએ.**





**PM મોદીએ ભારે હૈયે કર્યા અંતિમ સંસ્કાર**





## પ્રધાનમંત્રીએ તેમની માતાને શ્રદ્ધાંજલિ આપી



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે તેમની માતાના જીવનને એક ભવ્ય સદી ગણાવી હતી જેને આજે ભગવાનના ચરણોમાં શાંતિ મળી છે. શ્રીમતી હીરાબેનનું આજે અવસાન થતાં, પ્રધાનમંત્રી યાદ કર્યું કે, મામાં મેં હંમેશા તે ત્રિમૂર્તિ સ્વરૂપ અનુભવ્યું છે, જેમાં એક તપસ્વીની યાત્રા છે, નિઃસ્વાર્થ કર્મયોગીનું પ્રતીક છે અને મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધ જીવન છે. પ્રધાનમંત્રીએ તેમની સલાહ પણ યાદ કરી જે તેમણે તેમના ૧૦૦મા જન્મદિવસે આપી હતી જેમાં તેમણે કહ્યું હતું કે કામ ડહાપણથી કરવું જોઈએ અને જીવન શુદ્ધતા સાથે જીવવું જોઈએ. એક ગૌરવપૂર્ણ સદી ભગવાનના ચરણોમાં વિરાજે છે... મામાં મેં હંમેશા ત્રિમૂર્તિ સ્વરૂપ અનુભવ્યું છે, જેમાં એક તપસ્વીની યાત્રા છે, નિઃસ્વાર્થ કર્મયોગીનું પ્રતીક છે અને મૂલ્યો પ્રત્યે પ્રતિબદ્ધ જીવન છે. જ્યારે હું તેમને તેમના ૧૦૦મા જન્મદિવસે મળ્યો ત્યારે તેમણે એક વાત કહી હતી, જે હંમેશા યાદ રહી છે કે બુદ્ધિથી કામ કરો, શુદ્ધતાથી જીવન જીવો, એટલે કે બુદ્ધિથી કામ કરો અને પવિત્રતાથી જીવન જીવો.



**વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતૃશ્રી હીરાબાનું ૧૦૦ વર્ષની વયે નિધન થયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વહેલી સવારે રાયસણ પંકજભાઈના ઘરે પહોંચી ગયા હતા. જ્યાં વડાપ્રધાન મોદીએ તેમના અંતિમ દર્શન કર્યા હતા અને ત્યારપછી તેમને અંતિમ સંસ્કાર માટે લઈ જવાયા હતા. સેક્ટર ૩૦ સ્મશાનમાં અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા. અંતિમ વિધિમાં મોદી પરિવાર ભાવુક થઈ ગયો હતો. મોદી પરિવારે હીરાબાની આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરવા કહ્યું હતું.**



**વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માતુશ્રી હીરાબાનું ૧૦૦ વર્ષની વયે નિધન થયું છે. નરેન્દ્ર મોદીએ પોતે વહેલી સવારે ટ્વિટ કરીને આ જાણકારી આપી હતી. માતાના અંતિમ સંસ્કાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સવારે ૭.૪૫ કલાકે અમદાવાદ એરપોર્ટ આવી પહોંચ્યા હતા. અમદાવાદ એરપોર્ટ પર મોદીને આવકારવા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મુખ્ય સચિવ પંકજ કુમાર, પોલીસ વડા આશિષ ભાટિયા હાજર રહ્યા હતા. એરપોર્ટ પર ઉતર્યા પછી મોદી કારમાં બેસીને સીધા પંકજભાઈના નિવાસસ્થાને ગયા હતા.**



# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માતાના નિધન પર ઊંડો શોક વ્યક્ત કર્યો હતો

**માતા એ વ્યક્તિના જીવનની પ્રથમ મિત્ર અને શિક્ષક છે, જેને ગુમાવવાનું દુઃખ નિઃશંકપણે વિશ્વનું સૌથી મોટું દુઃખ છે.**

- **પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આદરણીય માતાજી હીરા બાના નિધનના સમાચાર ખૂબ જ દુઃખદ છે.**
- **આ દુખની ઘડીમાં આખો દેશ પ્રધાનમંત્રી મોદી અને તેમના પરિવાર સાથે ઉભો છે, કરોડો લોકોની પ્રાર્થના તેમની સાથે છે.**

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના માતાના નિધન પર ઊંડો શોક વ્યકત કર્યો હતો. ટ્વીટમાં શ્રી અમિત શાહે કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આદરણીય માતાજી હીરા બાના નિધનના સમાચાર અત્યંત દુઃખદ છે. માતા એ વ્યક્તિના જીવનની પ્રથમ મિત્ર અને શિક્ષક છે, જેને ગુમાવવાનુ દુઃખ નિઃશંકપણે વિશ્વનું સૌથી મોટું દુઃખ છે. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ કહ્યું કે હીરા બાએ પરિવારના ભરણપોષણ માટે જે સંઘર્ષનો સામનો કરવો પડ્યો તે બધા માટે આદર્શ છે. તેમનું બલિદાનથી ભર્યુ જીવન હંમેશા આપણી સ્મૃતિમાં રહેશે. દુઃખની આ ઘડીમાં સમગ્ર દેશ પ્રધાનમંત્રી મોદી અને તેમના પરિવાર સાથે ઊભો છે. કરોડો લોકોની પ્રાર્થના તેમની સાથે છે. ઓમ શાંતિ



**પરિવારના ઉછેર માટે હીરા બાએ જે સંઘર્ષનો સામનો કરવો પડ્યો તે બધા માટે એક આદર્શ છે, તેમનું બલિદાનભર્યું જીવન હંમેશા આપણી સ્મૃતિમાં રહેશે.**

